## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જાવ તમારે શુરાતન બતાવવાની એક જ જગ્યા રહી છે... ધ્વજવંદન કરી આવો...!!

# જુના સેક્ટરોના આંતરિક માર્ગોના રિસરફેસીંગ માટે મનપા પાટનગર યોજનાને દસ કરોડ ફાળવશે

### મંગળવારે સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪, ૨૫, ૨૬, ૨૭, ૧૭ અને સે. ૧૯ના આંતરિક રસ્તાઓના રિસરફેસીંગ માટે મનપા રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટ માર્ગ-મકાન વિભાગને ફાળવશે.

મળતી વિગતો પ્રમાણે મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ આ નાણાં ગાંધીનગર મનપાને ફાળવવામાં આવ્યા છે. હવે મનપા આ નાણાં માર્ગ-મકાન વિભાગને ફાળવણી કરશે.

મંગળવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં આ દરખાસ્તને બહાલી આપવામાં આવશે. સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે સ્થાયી સમિતિની બેઠક બપોરે ૧૨.૩૦ વાગે સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં લેબ.ટેકનીશ્યન તરીકે બઢતી આપવાના નિયમોમાં શૈક્ષણિક લાયકાત ઉમેરવા માટેની દરખાસ્ત કમિશ્નર તરફથી રજુ થઈ આવતાં તેને પણ બહાલી આપવામાં આવશે.

મનપાની આ સ્થાયી સમિતિની બેઠકમાં બીજા પણ મુદ્દાઓની ચર્ચા થવાની સંભાવનાઓ હોવાનું જાણવા મળેલ છે. જો કે હાલ તો આ બે જ મુદ્દાને સ્થાયી સમિતિ દ્વારા બહાલી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ બેઠકમાં સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલના ધર્મપત્ની સ્વ. સુશીલાબેન પટેલના અવસાન અંગે શોકદર્શક પ્રસ્તાવ પસાર કરવામાં આવશે તેમ પણ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# પ્રજાસત્તાક દિને ગાંધીનગરના પાંચ પોલીસ અધિકારી-જવાનો રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત થશે

ગાંધીનગર, તા.૨૫

૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક દિન પ્રસંગે ગુજરાત રાજય પોલીસમાં ફરજ બજાવતા ૧૯ પોલીસ અધિકારી તેમજ કર્મચારીઓને રાષ્ટ્રપતિ દ્વારા વિશિષ્ટ સેવા અને પ્રશંસનીય સેવા બદલ પોલીસ ચંદ્રકો જાહેર કરવામાં આવ્યા છે. તે ઉપરાંત ૫ પોલીસ અધિકારી-કર્મચારીઓને જીવન રક્ષા પદક જાહેર કરવામાં આવ્યા છે.જેમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓને પણ સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરાયેલા વિશિષ્ટ સેવા અંગેના પોલીસ મેડલમાં ગાંધીનગર ખાતે સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝમાં અધિક પોલીસ મહાનિર્દેશક તરીકે ફરજ બજાવતા ડો.શમશેર સિંઘનો સમાવેશ થાય છે. તે ઉપરાંત પ્રશંસનીય સેવા અંગેના પોલીસ મેડલમાં ગાંધીનગર જિલ્લા સલામતિ શાખામાં ફરજ બજાવતા હથીયારી નાયબ પોલીસ અધિક્ષક બી.એ.ચુડાસમા, ગાં.રીજીયન સીઆઈડી આઈબીમાં ફરજ બજાવતા પીઆઈ એ.સી.મલેક, ગાંધીનગર અધિક પોલીસ મહાનિર્દેશક તકનીકી સેવાઓમાં ફરજ બજાવતા વાયરલેસ પીએસઆઈ ડી.જે.વાળા અને ગાંધીનગર સીઆઈડી આઈબીમાં આસીસ્ટન્ટ ઈન્ટેલીજન્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા આર.જે.રાઠોડનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા જીવન રક્ષા પદકમાં પાંચ અધિકારી કર્માચારીઓનો સમાવેશ થાય છે. તેમાં તાજેતરમાં ગાંધીનગરથી બદલી પામીને રાજકોટ વિભાગ કચેરીમાં ફરજ બજાવી રહેલા પીએસઆઈ પી.સી. સરવૈયાનો સમાવેશ થાય છે.



ફેબ્રીક આર્ટ ડોલ્સ દ્વારા ગાંધીનગરનું નામ વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ કરનાર ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાશ્રી દ્વારા ૭૧મા પ્રજાસત્તાક દિને ''સ્વચ્છતા સંદેશ'' આપતા ફેબ્રીક આર્ટ ડોલ્સ ૮ થી ૧૨ ઈંચના બનાવી કલારસિકોને મોહિત કર્યા છે.

# ઝુંડાલની જમીન ખોટા કાગળો ઉભા કરી વેચી દેનારા ચાર સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં આવેલી જમીનોના ભાવ ઉંચકાયા છે. જેને પગલે ગામના ભોળા ખેડુતોની જમીનો પચાવી પાડવા માટે ભુમાફીયા પણ સક્રિય થઈ ગયા છે. ત્યારે ખેડુતોની જમીનો કોડીના ભાવે પચાવી લેવા માટે ભુમાફીયાઓ ખોટા આઈડી પ્રુફ અને ખોટા વ્યકિતઓ ઉભા કરી દે છે. ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ ગામની મહિલા ખેડુતની જાણ બહાર તેમની કરોડો રૂપીયાની જમીન વેચી મારવાની ફરીયાદ ઉઠી છે. જેથી વૃધ્ધાના પુત્ર એ ચાર વ્યકિતઓ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે રહેતા મુકેશભાઈ રમણભાઈ પટેલના માતા સાકરબેન (ઉં.વ.૮૦) ના નામે ૨૦૧૮ માં ઝુંડાલ ગામના સર્વેનંબર ૨૬૧-૧ ની જમીન ખરીદી હતી. ત્યારે મુકેશભાઈને ખબર પડી હતી કે તેમની જાણ બહાર જમીનનો વેચાણ દસ્તાવેજ થઈ ગયો છે. જેથી તેમણે તપાસ કરતા બહાર આવ્યું કે સાકરબેનના નામે અન્ય કોઈ મહિલાનો ફોટો તેમજ આધારકાર્ડ રજુ થયુ હતું. જમીન ખરીદનાર નિકોલના બે રહીશોને ફરીયાદી ઓળખતા પણ ન હતા. જેથી ફરીયાદીએ સીટમાં ફરીયાદ કરતા બહાર આવ્યું કે મુકેશ દિનાનાથ ગોસ્વામી (રહે. ૬૪ આશારામ પાર્ક સોસાયટી ઓઢવ)એ આ જમીનનો રૂ.૧.૮ કરોડમાં સોદો કર્યો હતો. જે માટે દિનાનાથે સાકરબેનની જગ્યાએ બીજી મહિલા તેમજ સાક્ષીમાં મુકેશભાઈના નામે બીજી વ્યકિત ઉભી કરી હતી. જે માટે આરોપીઓએ ૨૧.૫૩ લાખના ચેક પણ ખરીદનાર પાસેથી લઈ લીધા છે. આ માટે આરોપીઓએ ખોટા આઈડી પ્રુફ પણ તૈયાર કર્યા હતા. દિનાનાથે ખોટા નાગરીકો ઉભા કરીને નોટરી રૂબરૂ ૫.૫૦ લાખ લઈ બાનાખત કરી આપ્યો છે. જેમાં પણ લગાડેલો ફોટો અને અંગુઠો પણ ફરીયાદીના માતા સાકરબેનનો નથી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આજે ઈન્ચાર્જ પ્રમુખ ભરતભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન સમારોહ સંપન્ન થશે.
- આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં હાજરી આપવા પૂર્વ ચૂંટણી કમિશ્નર અચલકુમાર જ્યોતિ ગાંધીનગરના અતિથિ બન્યા હતા.
- આજે પ્રજાસત્તાક દિને જિલ્લાની વિકાસ વાટિકાનું વિમોચન રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે થશે.
- દહેગામ ખાતે યોજાનાર જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં પાંચથી વધુ ટેબ્લો રજુ થશે.
- આજે મતદાતા દિવસની ઉજવણીમાં શ્રેષ્ઠ કામગીરી માટે જામનગરના કલેક્ટર રવિશંકર, વલસાડ કલેક્ટર સી.આર. ખરસાણ તેમજ ડે. કલેક્ટર એ.કે. જોષીને સન્માનિત કરાયા હતા. આ ત્રણેય અધિકારીઓ ગાંધીનગર ખાતે ફરજ બજાવી ચુક્યા છે.

## ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે અનોખો સ્વયં પાક કાર્યક્રમ યોજાયો

ગૂજરાત વિદ્યાપીઠ, શારીરિક શિક્ષણ અને રમત-વિજ્ઞાન વિદ્યાશાખા-સાદરાના છાત્રાલય નિવાસી વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા સ્વયં પાક કાર્યક્રમનું આયોજન ગૃહપતિ ડૉ. ભરતભાઈ પટેલ અને ગૃહમાતા સૂર્યાબેન ગામીતે કર્યુ હતુ. વિદ્યાર્થીઓની સાત ટુકડીઓએ સાત પ્રકારની પૌષ્ટિક આહારની વાનગીઓ બનાવી હતી. જીવનમાં માત્ર ભણતર એટલું જ જરૂરી નથી. ગણતર પણ જરૂરી ભણતર સાથે ભોજન બનાવતા શીખે એ હેતુસર સ્વયમ પાક કાર્યક્રમ યોજાયો હતો.

## મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં બેટી બચાવો-બેટી પઢાવો અંતર્ગત રેલી

નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે નિમિત્તે મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર હાઈસ્કૂલમાં બેટી બચાવો-બેટી પઢાવો અંતર્ગત રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં વડોદરા પી.એચ.સી. સેન્ટરમાંથી તાલુકા પ્રાથમિક આરોય અધિકારી, શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તેમજ શાળાના શિક્ષકો-આરોગ્ય કેન્દ્રનો સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.






અક્ષરધામ ખાતે આજે બીએપીએસના ગાંધીનગર ક્ષેત્ર-૧ મહિલા મંડળ દ્વારા શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાજીક સમરસતા અને એકરૂપતા જળવાય તે ભાવ સાથે અક્ષરધામના પૂજ્ય આનંદ સ્વરૂપ સ્વામીએ અલગ અલગ શાકને સમરસ કરી પ્રસાદીભુત કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન કેતનકુમાર પટેલ અને કોર્પોરેટર રમિલાબેન વાઘેલા સહિત ૫૦૦ થી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂતો ચિંતિત : ફરી વરસાદ થવા માટેની આગાહી કરાઈ

### સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદ પડવાની સંભાવના : અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ સહિત ગુજરાતમાં આજે મોટાભાગે વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. જો કે, ઠંડીમાં આંશિકરીતે લોકોને રાહત થઈ છે. કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી નથી. બીજી બાજુ લઘુત્તમ તાપમાનમાં પણ એકાએક ફેરફારની સ્થિતિ જોવા મળી છે.

ગુજરાતના ખેડૂતો પર એક પછી એક આફતો આવી રહી છે. ખેડૂતો પર હવે વધુ એક ચિંતા દેખાઈ રહી છે. કારણ કે, હવામાન વિભાગના કહેવા મુજબ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ પડી શકે છે જેમાં રાજકોટ, પોરબંદર અને દ્વારકાના આસપાસના વિસ્તારોનો સમાવેશ થાય છે. દક્ષિણ ગુજરાતના વડોદરામાં પણ હળવો વરસાદ થઈ શકે છે. જામનગરમાં પણ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ખેડૂતો પહેલાથી જ પરેશાન થયેલા છે ત્યારે તેમના પાકને વરસાદના કારણે વધુ નુકસાન થઈ શકે છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૨.૫ રહ્યું હતું. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે.

ત્યારબાદ ફરી એકવાર ઠંડીનો સપાટો રહેશે અને લઘુત્તમ તાપમાન ત્રણથી ચાર ડિગ્રી ઘટશે. આજે અમદાવાદમાં પારો ૧૨.૫, ડિસામાં ૧૧.૫, ગાંધીનગરમાં ૧૧.૬, વડોદરામાં ૧૪, નલિયામાં ૧૦.૪ ડિગ્રી રહ્યો હતો. એકંદરે રાજ્યના અનેક ભાગોમાં પારો આજે પણ ૧૦થી ૧૪ની વચ્ચે રહ્યો હતો પરંતુ સ્થિતિમાં આંશિક સુધારો થયો છે. તાપમાનમાં હજુ આગામી દિવસોમાં ઘટાડો થવાની આગાહી અકબંધ રાખવામાં આવી છે પરંતુ કોલ્ડવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી. ૧૫મી જાન્યુઆરી બાદ ઠંડીમાં સામાન્યરીતે ઘટાડાની શરૂઆત થઈ જાય છે. તાપમાન ઉંચુ હોવા છતાં ઠંડીનો ચમકારો દેશના અન્ય ભાગોની જેમ જ ગુજરાતમાં પણ અનુભવાઈ રહ્યો છે. દિલ્હી અને એનસીઆરમાં વરસાદ તેમજ હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષાની સીધી અસર જોવા મળી રહી છે.

હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બે ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. હાલમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના જુદા જુદા ભાગોમાં કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે ખેડૂતોને ભારે નુકસાન થઈ ચુક્યું છે.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

બદલે હવે ખરેખર ક્રાંતિકારી ઘટનામાં સામેલ થવાનો સમય આવી ગયો છે. આ સાહસ બતાવવાનો સમય છે. ફેશન, સમૃદ્ધિ, સુખ, પરિવાર, વૈભવ, જ્ઞાતિગૌરવ, સત્તા, આ બધુ તો જ યથાવત રહેશે જો સૌ એક બનીને રહેશે. દેશને બરબાદ કરતી તાકાતો વિરુદ્ધ સંગઠિત બનીને લડીશું. પચ્ચીસ પચાસ નદીઓનું પાણી આડું અવળું ગમે ત્યાં વહી શકે છે પણ એ જ નદીઓનું પાણી એક જગ્યાએ ભેગું થઈને દરિયો બનતા કેટલું શક્તિશાળી બને છે. એ આપણે સૌ જાણીએ છીએ. ગાંધીજીના હાથમાં કોઈ હથિયાર નહોતું પણ માત્ર દૃઢ વિચાર, આત્મશક્તિ અને સંગઠનની તાકાત ઉપર આખા દેશને આઝાદ કર્યો હતો. બસ આપણે પણ આ જ કરવાનું છે. એ વખતે દુશ્મનો શિક્ષિત અંગ્રેજો હતા તેથી તેમની સામે આંદોલન અહિંસક હતું અને ચાલ્યું પરંતુ આજે દુશ્મનો દુશ્મન દેશના ઘૂસણખોરો અશિક્ષિત અને અલ્પસંખ્યકો છે. તેથી તેમની સામે લડવા માટે સંગઠન અને શસ્ત્ર હોવા જરૂરી છે. આજે દરેકના ઘરમાં પાંચ પાંચ દસ દસ હજારના બે ચાર મોબાઈલો હશે પણ નાનુ મોટું સ્વરક્ષણ માટેનું એક પણ હથિયાર નહીં હોય. આ પણ ગંભીરતાથી વિચારવા જેવી વાત છે.

હિંદુત્વ એ કોઈ એક જાતિ નથી પરંતુ એક સંસ્કાર છે, વિચાર છે, સંસ્કૃતિ છે, જે સમગ્ર સમાજને, રાષ્ટ્રને એકતાથી જોડે છે. હિંદુત્વ એ મા ધરતીની ઊર્જામાંથી પ્રાપ્ત થતી અલૌકિક શક્તિ છે. માનવતાની મહેક છે. એમાં કોઈ હિંદુ કે મુસ્લિમ નથી. બ્રાહ્મણ કે દલિત નથી હિંદુસ્તાનની ધરતી ઉપર રહીને રાષ્ટ્રપ્રેમ દાખવનાર મુસ્લિમ ભાઈ બહેન પણ હિંદુ જ છે અને રાષ્ટ્ર સાથે ગદ્દારી કરનાર કોઈ હિંદુ પણ દેશદ્રોહી જ છે. જે કાંઈ ભેદ છે તે વિચારધારાનો છે, સંસ્કારધારાનો છે. રાષ્ટ્રધારાનો છે. બસ આટલું સમજીશું તો દુનિયાની કોઈ તાકાત હિંદુસ્તાનને હરાવી શકશે નહીં.

- 9426060601.india@gmail.com

### થડીયા દૂર કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટમસ ગાબડા પણ જોવા મળી રહ્યા છે. બીજીતરફ ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા પણ વર્ષોથી યથાવત છે. જેના લીધે વોકીંગ કરનારાઓને પણ હાલાકી વેઠવી પડે છે. માર્નિંગ વોક કરવા નિકળતા સિનિયર સિટીઝન્સ માટે પણ આ પ્રકારની સ્થિતિ જોખમી સ્થિતિને ધ્યાને લઈ આ પ્રકારના કપાયેલા વૃક્ષોના થડીયા દુર કરવા માટે લાંબા સમયથી માંગણી ઉઠવા પામી છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા પણ ફુટપાથ પર આ પ્રકારના જોખમી થડીયાઓ દુર કરવા માટે સર્વે હાથ ધરી આગામી દિવસોમાં વન વિભાગને પણ જાણ કરવામાં આવશે જયારે આ થડીયા દુર કરવા માટે કામગીરી પણ હાથ ધરાશે. નગરના ઘ-૨ થી સે-૩ઃ૬ ની ચોકડી વચ્ચે સ્થિત વોક વે પર ઠેર ઠેર આ પ્રકારની સ્થિતિ જોવા મળે છે. જેના લીધે સ્થાનિક રહીશોને પણ પરેશાની વેઠવી પડે છે. સે-૩ અને સે-૬ ના રહીશોએ આ પ્રકારની સ્થિતિ નિવારવા માટે પણ અનેકવાર રજુઆત કરી છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા શહેરમાં ફુટપાથને યોગ્ય કરવા માટે ટુંકમાં જ સર્વે હાથ ધરી કામગીરી શરૂ કરી દેવાશે.




## પંચદેવ મંદિર સે-૨૨ ખાતે વિષ્ણુ યજ્ઞ યોજાયો

રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત જન સેવા સમિતિ દ્વારા અમદાવાદ કિડની હોસ્પિટલમાં ટિફીન સેવાને પાંચ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી નિમિત્તે વિષ્ણુ યજ્ઞ તથા ઉત્સવ યોજાયો હતો. પંચદેવ મંદિર સે-૨૨ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં વિષ્ણુ યજ્ઞ બાદ ધર્માચાર્ય પ.પૂ. ફુલશંકર શાસ્ત્રીજી મહારાજનું આશીર્વચન યોજાયું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ તથા પંચેદવ મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ શેઠ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સર્વે નગરજનોએ પણ આ ઉત્સવમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાયો

ભારત દેશ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. દુનિયાના અનેક દેશમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવતી દેશની ચૂંટણી પ્રક્રિયાને લઈને આગવું સન્માન આપે છે, તેવું આજરોજ ગુજરાત રાજયના રાજયપાલ શ્રી દેવવ્રત આચાર્યએ ગાંધીનગર ખાતે આયોજિત રાજય કક્ષાના નેશનલ વોટરર્સ ડેની ઉજવણીમાં જણાવ્યું હતું.

રાજયપાલ શ્રી દેવવ્રત આચાર્યશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત એક એવો દેશ છે, જયાં દરેક વ્યક્તિ પોતાના વિચાર અનુસાર મતદાન કરીને યોગ્ય વ્યક્તિને પસંદ કરી શકે છે. દેશના પહાડી વિસ્તાર, જંગલ વિસ્તાર સહિત જયાં મતદાર રહેતો હોય તે સરળતાથી પોતાના મતાધિકાર ઉપયોગ કરી શકે તેવી સુવિધા ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે. આપણા રાજયમાં પણ ગીરના ઘાટ જંગલમાં એક વ્યક્તિ માટે મતદાન મથક ઉભું કરવામાં આવે છે. જે વાત આપણા સૌ માટે ગૌરવની છે.

કાર્યક્રમના આરંભે રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ. એસ. મુરલીકિષ્ણાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચના સ્થાપના દિવસ તા ૨૫ જાન્યુઆરી, ૧૯૫૦ને સમગ્ર દેશમાં નેશનલ વોટરર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે ૧૦મો નેશનલ વોટરર્સ ડે ઉજવાઈ રહ્યો છે. કાર્યક્રમના અંતે આભારવિધિ ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડૉ. કુલદીપ આર્યએ કરી હતી.



## ચિલોડા સર્કલ પાસે બજારમાં શ્રમજીવી મહિલા દ્વારા ત્રિરંગાનુ વેચાણ

૨૬મી જાન્યુઆરી ગણતંત્ર દિવસની દેશભરમાં ઉજવણી થવાની છે. ત્યારે ભારત દેશનું રાષ્ટ્રીક પ્રતીક તિરંગા પ્રત્યે રાષ્ટ્રપ્રેમ દર્શાવવા ખૂબ જ ઉત્સાહથી દેશના નાગરિકો પોતાના નિવાસસ્થાને દંધાના સ્થળે, તેમજ વાહનો ઉપર તિરંગો લગાવી આગવી રીતે આ ગણતંત્ર દિવસની ઉજવણી કરવા તત્પર બને છે. જેમાં દેશના આ સન્માનિત પ્રતિક થકી કેટલાક શ્રમજીવી પરિવારો પોતાની આજીવિકા રળી લેતાં હોય છે. આજે ચિલોડામાં કેટલીક શ્રમજીવી બહેનો પોતાના બાળકો સાથે તિરંગાનું વેચાણ કરી બે દિવસનું પેટિયુ રળી લેવા બજાર મધ્યે જાહેર માર્ગો પર નાની મોટી સાઈઝના તિરંગા લઈને બેસેલી દશ્યામાન થઈ રહી છે. રાષ્ટ્રપ્રેમ ઉજાગર કરતું દશ્યથી લોકોમાં અનોખી દેશભક્તિના દર્શન થઈ રહ્યા છે.

### ગણતંત્ર દિવસની ઉજવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ નિહાળવા મળશે. ભારતના ૭૧ ગણતંત્ર દિવસના ખાસ મહેમાન તરીકે આ વખતે બ્રાઝીલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારોને નમંત્રવામાં આવ્યાં છે. તેઓ ચાર દિવસના સત્તાવાર પ્રવાસ પર આજે શનિવારે નવી દિલ્હી પહોંચ્યા હતા તેઓ આવતીકાલે યોજાનારા ગણતંત્ર દિવસ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેશે. બ્રાઝીલના રાષ્ટ્રપતિ બન્યા બાદ બોલસોનારોનો આ સૌ પ્રથમ ભારત પ્રવાસ છે. ૨૬મીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે રાજપથ પર ઉપસ્થિત રહીને ભારતની લશ્કરી તાકાત નિહાળવાની સાથે ઈન્ડિયા ગેટ ખાતે અમર જવાન જ્યોતિ સ્થળે ભારતના શહિદોને શ્રધ્ધાંજલિ પણ અર્પણ કરશે. દિલ્હી પોલીસ ઉપરાંત વિવિધ સુરક્ષા એજન્સીઓએ ગણતંત્ર દિવસે આતંકી હુમલાની શક્યતાને ધ્યાનમાં રાખીને સમગ્ર સ્થળને અભેદ કિલ્લામાં ફેરવી નાંખ્યું છે. પરેડની વિશેષતામાં આ વખતે અપાચે અને ચિનૂક પ્રકારની ખાસ ફાઈટર હેલિકોપ્ટરો ઉપરાંત રફાલ વિમાન પણ જોવા મળશે.

પ્રજાસત્તાક દિવસ એ લોકશાહી પર આધારિત આપણા પ્રજાસત્તાકનાં આદર્શોને યાદ રાખવાની તક છે. ભારતનું બંધારણ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ અમલમાં આવ્યું, તેથી ૨૬ જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગણતંત્ર દિનની પૂર્વ સંધ્યાએ એટલે કે આજે સાંજે રાષ્ટ્રપતિ કોવિંદે રાષ્ટ્ર જોગ સંબોધન કર્યું હતું. તેમણે દેશવાસીઓને ૭૧મા પ્રજાસત્તાક દિન પર અભિનંદન આપ્યા હતા..

૨૬ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ રાજપથ ઉપર તિરંગો ફરકાવશે. સામાન્ય રીતે ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પર વડા પ્રધાન ધ્વજ ફરકાવે છે. પરંતુ. રાષ્ટ્રપતિ બંધારણીય વડા હોય છે, તેથી પ્રજાસત્તાક દિવસ પર રાષ્ટ્રપતિ ધ્વજ ફરકાવે છે.

પ્રજાસત્તાક દિનની પરેડ ૨૬ જાન્યુઆરીએ સવારે ૯.૫૦ કલાકે શરૂ થશે. પરેડ સંબંધિત કાર્યક્રમોની શરૂઆત સવારે ૯ વાગ્યે ઈન્ડિયા ગેટથી થશે. પરેડમાં કોઈ અવરોધ ન આવે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. સલામતી ચક્રને ચાર ભાગોમાં વહેંચવામાં આવ્યો છે. પરેડ લાલ કિલ્લાના ગ્રાઉન્ડથી વિજય ચોક, રાજપથ, ઈન્ડિયા ગેટ, તિલક માર્ગ, બહાદુર શાહ ઝફર માર્ગ, નેતાજી સુભાષ માર્ગ, લાલ કિલ્લા ચોક સુધી પહોંચશે. આ સમય દરમિયાન, સેન્ટ્રલ સચિવાલય, ઉદ્યોગ ભવન, પટેલ ચોક, રેસકોર્સ, મંડી હાઉસ અને પ્રગતિ મેદાનના છ મેટ્રો સ્ટેશન બંધ રહેશે. આ વર્ષે પરેડમાં કંઈક નવું આકર્ષણ બનવાનું છે - જેમાં અપાચે એટેક હેલિકોપ્ટર આકાશમાં જોવા મળશે, ચિનૂક હાવલિફ્ટ હેલિકોપ્ટર પણ ઉડશે.


## ટૂંકી જાહેર નિવિદા

ગાંધીનગર નજીક આવેલ પ્રસિદ્ધ શનીદેવ મંદિર ખાતે સામરણ બનાવવાનું કામ અંદાજે ૧૬૦ ઘનફુટ જેમાં પીલ્લર, બીમ, જાળી, મોયલા પટ્ટા ૨'' જાડાઈમાં આશરે ૪૧૦ ચોરસફૂટનું કામ કરાવવા નિવિદા આમંત્રિત કરવામાં આવે છે. આ કામના અનુભવી અને રસ ધરાવતા ઠેકેદારો / એજન્સીએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭માં રૂબરૂ સંપર્ક કરી ટેન્ડર ફોર્મ મેળવી પરત કરવાના રહેશે. વધુ વિગતો અને ટેન્ડર અને શરતો માટે રૂબરૂ સંપર્ક કરવો.

ટ્રસ્ટીશ્રી, શનીદેવ મંદિર, અડાલજ, ગાંધીનગર